**ક્રમાંક : મશબ/જી–૭/રજા/૩૨૭૫–૩૩૩, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**સેક્ટર ૧૦–બી, સચિવાલય પાસે, ગાંધીનગર તા.૨૪–૪–૮૬**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય (તમામ)

**વિષય** : બી.એડ. ની પ્રાયોગિક પરીક્ષામાં પરીક્ષક તરીકે નિમાયેલ શિક્ષકો/આચાર્યોને ખાસ રજા આપવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષયમાં જણાવવાનું કે બી.એડ. ની પ્રાયોગિક પરીક્ષા માટે જે માધ્યમિક શાળાનાં શિક્ષકો/આચાર્યનો સેવા લેવામાં આવે છે, તેઓને ખાસ વધારાની પરચૂરણ રજા મળવા સંબંધમાં બોર્ડ સમક્ષ રજૂઆત આવી હતી. આ સંબંધમાં બોર્ડની તા.૨૦–૩–૮૬ ની કારોબારી સમિતિએ નીચે જણાવ્યા પ્રમાણે ઠરાવેલ છે.

“બ.એડ.ની માર્ચ–૮૬ અને ત્યાર પછી પ્રાયોગિક પરીક્ષામાં કામ કરતા શિક્ષકો/ આચાર્યો ને ખાસ વધારાની રજા મંજૂર કરવા સંબંધમાં રજૂ થયેલ દરખાસ્ત મંજૂર રાખવામાં આવી તથા આ અંગે જરૂરી પરિપત્ર પાઠવવી તેવું ઠરાવવામાં આવ્યું.”

સબબ ઉપરોક્ત ઠરાવ અંગેની જાણ આપના જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓના વડાશ્રીઓને તાત્કાલિક કરવા વિનંતી છે.

**(સહી) સચિવ,**
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર